# સ્તોત્ર

# ॥ ૪૮ ॥

## શ્રી અષ્ટોત્તરશત હરિનામ સ્તોત્ર

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...

* હે ભક્તો ભગવાનના સાધુ-સંત સુજાણ
શ્રી હરિનામરટણ કરે સઘળે સર્વ સુવાણ
શ્રી અષ્ટોત્તરશત હરિનામ સમરતિ ગુરુહરિ સંગ
આધિ વ્યાધિ ઉપાધિ ટળે સુખ કરે સત્સંગ
શ્રી હરિકૃષ્ણ શ્રી હરિ શ્રી કૃષ્ણ ઘનશ્યામ
ભક્તિનંદન ધર્મકિશોર વર્ણી સુંદરશ્યામ
નીલકંઠ સહજાનંદજી સ્વામિનારાયણ નામ
ષડ અક્ષરનો સમરથ આ મંત્ર મહા બળવાન
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)

* નારાયણ મહારાજ પ્રભુ નટનાગર સુખધામ
રસિયારાજ શ્રી મોહનજી છોગલાંધારી શ્યામ
શ્રી પુરુષોત્તમ રાજીવનેણ ધર્મકુંવર મુનિરાય
સુખસાગર ભવભયહારી નટવર જાદવરાય
ધર્મનંદન વનમાળી શ્રી સ્વામી સુખરાશિ
જગઆધાર શ્રી ગિરધારી મોરારિ અવિનાશિ
નાથ શ્રી લહેરી રંગલહેરી દેવ હે શ્યામસુજાણ
વ્હાલીડા હે શ્રી ભગવાન હરિવર જીવનપ્રાણ
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)

*	શ્યામસનેહી સુંદરવર રસિયાજી ગોપાલ
દયાસિંધુ હે અલબેલા માવા દીનદયાળ
છોગાંવાળા છેલ વિભુ વિમલમૂર્તિ હે લાલ
શામળા હે કેસરિયા પિયા છેલા ભક્તિબાળ
રસિક કૃપાનિધિ શ્રી બળવંત ગોવિંદ અંતર્યામી
કરુણાનિધાન રાજેન્દ્ર માવજી અક્ષરધામી
ભક્તવત્સલ સાંવરિયા પ્રીતમજી છોગાળા
પ્રણતપાળ હે સમરથમૂર્તિ મનવસિયા લટકાળા
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)

*	કામિલ કાબિલ સર્વોપરી પ્રાણાધાર હે પ્યારા
લહેરખડાં લહેરી કોડીલા ઠાકોરજી હે ન્યારા
શ્રી રાજાઅધિરાજ હે વિશ્વપાળ હે અધમોદ્ધારણ
શ્યામમનોહર વિશ્વવિહારી વ્હાલમ પતિતપાવન
શ્રી બાંવરિયા રંગભીના સલૂણા હે સુખસાગર
સુખદાયક હે પૂરણકામ મોહનવર માણીગર
ચતુરસુજાણ હે કામણગાર ખાંતીલા મર્માળા
બહુનામી મમ હ્રદય વસો શ્રીજી સદા કૃપાળા
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)

❀